JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | iSC | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE
ALEVATE
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઇઝના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI - PIPES
• સીમેન્ટ | પ્લાસ્ટીકના નાળવાળા | પ્લેન પતરા | સ્ક્રુ
• પોલીકાર્બોનિટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
durashine TATA BLUESCOPE STEEL | JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | TATA SHAKTEE GC SHEET
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪
GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ ભાદરવા વદ ત્રીજ મંગળવાર ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૮૭
પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# બાકી ટ્રાફિક ચલન વીજ બિલમાં ઉમેરો: સુપ્રીમ



**માત્ર** ઈ-ચલણ ઈશ્યૂ કરવા પૂરતા નથી; દંડની વસૂલાત માટે જમીની સ્તરે કડક પગલાં લેવા કોર્ટની સલાહ

**દેશભરમાં** ઇ-ચલનના દંડની રૂ. ૨૦૦૦૦ કરોડ જેટલી જંગી રકમની વસૂલાત બાકી છે

**દંડ** નહીં ભરતા લોકો પાસેથી રકમ વસૂલ કરવા સુપ્રીમ કોર્ટે વિવિધ ઉપાયો સૂચવ્યા, વાહનો જપ્ત કરવા અને RC રિન્યુઅલ રોકવા સૂચન

**નવી દિલ્હી, તા. 28:** સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે સત્તાવાળાઓએ બાકી ટ્રાફિક ચલણની વસૂલાત માટે જમીની સ્તરે નક્કર પગલાં લેવા પડશે. કોર્ટે નોંધ્યું હતું કે માત્ર ઈ-ચલણ ઈશ્યૂ કરવા પૂરતા નથી અને તેની અસરકારકતા પર સવાલ ઉઠાવ્યા હતા. એક સુનાવણી દરમિયાન, જસ્ટિસ જે.બી. પારડીવાલાએ જણાવ્યું હતું કે જો લોકો ટ્રાફિક ચલણ ન ભરે, તો સત્તાવાળાઓ આ રકમને વીજળીના બિલ સહિતના અન્ય સરકારી લેણાં સાથે જોડીને વસૂલવાના રસ્તા શોધી શકે છે.

“જો લોકો ટ્રાફિક ચલણ નથી ભરી રહ્યા, તો તેને તેમના વીજળીના બિલમાં ઉમેરી દો. તેમણે વીજળીનું બિલ તો ભરવું જ પડશે, નહીં તો વીજ જોડાણ કાપી નાખવામાં આવશે. આનો ઉકેલ શોધો. આ દેશમાં તમારે કોઈ રસ્તો શોધવો જ પડશે,” એમ જસ્ટિસ જે.બી. પારડીવાલાએ કહ્યું હતું. કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં લગભગ રૂ. ૪૫૦૦૦ કરોડના ઈ-ચલણના લેણાં બાકી હતા, જેમાંથી અત્યાર સુધીમાં આશરે રૂ. ૨૫૦૦૦ કરોડની વસૂલાત થઈ શકી છે. જસ્ટિસ પારડીવાલાએ કહ્યું કે સત્તાવાળાઓએ વાસ્તવિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને કામ કરવું પડશે. તેમણે નિરીક્ષણ કર્યું કે પોલીસ હજારો કે લાખો ઈ-ચલણ ઈશ્યૂ કરી શકે છે, પરંતુ મુખ્ય મુદ્દો તેના દ્વારા લાદવામાં આવેલા દંડની વસૂલાતનો છે.

કોર્ટે કહ્યું કે બાકી ચલણ ધરાવતા વાહનોના રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ(RC)ના રિન્યુઅલ પર

...અનુસંધાન પાના 15 પર

## સ્પેસએક્સનું મહાકાય સ્ટારશીપ રોકેટ પ્રથમ વખત અવકાશમાં ભ્રમણકક્ષામાં પહોંચ્યું







**આ રોકેટે** અવકાશમાં સ્ટારલિંક પ્રોગ્રામના ૨૬ ઉપગ્રહો પણ તરતા મૂક્યા

**સ્ટારશીપ** એ એક રિયુઝેબલ રોકેટ છે, જે ભ્રમણકક્ષામાં પૃથ્વી ફરતે આંટાઓ મારીને પરત ફરશે, ચીલી નજીક પ્રશાંત મહાસાગરમાં ઉતરાણ કરશે

**ભવિષ્યના** ચંદ્ર અને મંગળ મિશનો માટે આ રોકેટ ખૂબ ઉપયોગી સાબિત થવાની આશા

**પૃથ્વી** ફરતે ભ્રમણનો કુલ સમય ૧૦ કલાક પરથી ઘટાડીને ૩ કલાકનો કરાયો

### 14મી ટેસ્ટ ફ્લાઇટમાં પૃથ્વીની ભ્રમણકક્ષામાં સફળ એન્ટ્રી

આ મિશન સ્ટારશિપ માટે એક મોટો બદલાવ દર્શાવે છે, કારણ કે તેની અગાઉની ૧૩ ફ્લાઇટ્સ સબઓર્બિટલ ટ્રેજેક્ટરી પર હતી, જેમાં રોકેટ અવકાશની સીમા સુધી તો જાય છે પરંતુ ભ્રમણકક્ષામાં પ્રવેશતું નથી. પ્રથમ વખત સ્ટારશીપને ઓર્બિટલ ટ્રેજેક્ટરીમાં મોકલવામાં આવ્યું છે જ્યાં તે સતત ગતિ કરીને પૃથ્વી ફરતેની ભ્રમણકક્ષામાં ચક્કરો પણ લગાવે છે. ઉડાન ભર્યાના લગભગ ૨૫ મિનિટ પછી થયેલા ઓર્બિટલ ઇન્સર્શન બર્ને સ્પેસક્રાફ્ટને પૃથ્વીથી લગભગ ૨૭૫ કિલોમીટર ઉપરની ભ્રમણકક્ષામાં મૂક્યું હતું. આંતરરાષ્ટ્રીય સ્પેસ સ્ટેશન (ISS) પૃથ્વીથી ૪૦૦ કિલોમીટરની ઊંચાઈ પર ભ્રમણ કરે છે.

ન્યૂયોર્ક, તા. ૨૮: ઇલોન મસ્કની સ્પેસએક્સ કંપનીના ‘સ્ટારશિપ-સુપર હેવી’ રોકેટે સોમવારે તેની ૧૪મી ટેસ્ટ ફ્લાઇટ દરમિયાન પૃથ્વીની ભ્રમણકક્ષામાં પહોંચીને ઇતિહાસ રચ્યો છે. આ સિદ્ધિ માણસો અને માલસામાનને ચંદ્ર અને મંગળ સુધી લઈ જવા માટે સક્ષમ, સંપૂર્ણપણે ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવું રોકેટ વિકસાવવાના કંપનીના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ સીમાચિન્હ સાબિત થયું છે.

૧૨૪ મીટર ઊંચા આ રોકેટે ટેક્સાસ સ્થિત સ્પેસએક્સની ‘સ્ટારબેઝ’ ફ્રિન્ટિલિટી પરથી ઉડાન ભરી હતી. લોન્ચિંગની થોડી મિનિટો પછી જ સ્ટારશિપ તેના સુપર હેવી બૂસ્ટરથી સફળતાપૂર્વક અલગ થઈ ગયું હતું અને સ્પેસમાં પોતાની આગળની યાત્રા ચાલુ રાખી હતી. આ સ્પેસક્રાફ્ટ પૃથ્વી પર પાછા ફરતા પહેલાં પૃથ્વીના છ ચક્કર પૂર્ણ કરે તેવી અપેક્ષા હતી. આ મિશન ૧૦ કલાક ચાલવાની અપેક્ષા હતી, જો કે બાદમાં મળેલા એક અહેવાલ મુજબ આ મિશન ટૂંકાવીને ત્રણ કલાકનું કરી નાખવામાં આવ્યું છે. મિશન દરમ્યાન કરાયેલા રિવ્યુ પછી કંટ્રોલરોએ આ નિર્ણય

...અનુસંધાન પાના 15 પર

## એક જ મહિનામાં રોકાણકારોના રૂ. 17.17 લાખ કરોડ સ્વાહા

**1 મહિનામાં** સેન્સેક્સ 4,100થી વધુ પોઇન્ટ તૂટ્યો



**નવી દિલ્હી, તા. 28 (PTI):** ક્રૂડ ઓઇલના વધતા ભાવ, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતાઓ અને બોન્ડ યીલ્ડમાં વધારાને કારણે બજારની સેન્ટિમેન્ટ નબળી પડતાં બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં છેલ્લા એક મહિનામાં 5 ટકાથી વધુનો ઘટાડો થયો છે, જેના કારણે રોકાણકારોની રૂ. 17.17 લાખ કરોડની સંપત્તિ ધોવાઈ ગઈ છે.

આ સમયગાળા દરમિયાન યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વધુ નાણાકીય કડક કાર્યવાહીના સંકેતોની પણ સેન્ટિમેન્ટ પર અસર પડી હતી.

ગયા મહિનાની 27 ઓગસ્ટથી 30 શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ 4,161.87 પોઈન્ટ અથવા 5.40 ટકા ઘટી ગયો છે. 50 શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી પણ 1,310.6 પોઈન્ટ અથવા 5.44 ટકા નીચે ગયો છે.

આ સમયગાળા દરમિયાન રોકાણકારોની સંપત્તિ રૂ. 17,17,487.02 કરોડ ઘટીને રૂ. 4,74,36,620.19 કરોડ (4.94 ટ્રિલિયન યુએસ ડોલર) થઈ ગઈ છે.

સોમવારે, બીએસઈ બેન્ચમાર્ક 1,124.02 પોઈન્ટ અથવા 1.52 ટકા ઘટીને 72,771.72 પર બંધ થયો હતો, જે 30 માર્ચ, 2026 પછીનું તેનું સૌથી નીચું સ્તર છે. નિફ્ટી 360.25 પોઈન્ટ અથવા 1.56 ટકા ઘટીને લગભગ છ મહિનાના નીચલા સ્તરે 22,780.25 પર બંધ થયો હતો.

માત્ર સોમવારના દિવસે જ રોકાણકારોની સંપત્તિમાં રૂ. 7.52 લાખ કરોડનો ઘટાડો થયો છે.

જીઓજિત ઈન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, ‘‘બિયર્સ (ઘટાડાની અપેક્ષા રાખનારાઓ) મજબૂતીથી નિયંત્રણમાં રહ્યા કારણ કે બજારે એક મહત્ત્વપૂર્ણ માનસિક સપોર્ટ લેવલ તોડી નાખ્યું, જે બગડતી વૈશ્વિક મેક્રો પરિસ્થિતિઓ વચ્ચે વધતી રોકાણકારની સાવચેતી દર્શાવે છે. યુએસ દ્વારા યુદ્ધવિરામ પ્રસ્તાવને નકારી કાઢવાથી આશંકા વધી ગઈ છે કે પશ્ચિમ એશિયામાં તણાવ અપેક્ષા કરતાં વધુ સમય સુધી ચાલુ રહી શકે છે, જેનાથી નજીકના સમયમાં રાજદ્વારી ઉકેલની શક્યતા ઘટી ગઈ છે અને લાંબા સમય સુધી સપ્લાય-સાઈડના અવરોધો તથા કોમોડિટી ભાવ વધવાનું જોખમ વધી ગયું છે.’’

## દિલ્હી ડાયરી



### મુખ્ય ચૂંટણી કમિશનરની કાર્યશૈલી અને વિવાદો

મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારની કામ કરવાની શૈલી પર સવાલ ઊઠવા લાગ્યા છે. કારણ કે, ચૂંટણી પંચ (ઈસી) દ્વારા કુમારના કાર્યકાળ દરમિયાન લેવાયેલા કથિત વિવાદાસ્પદ નિર્ણયની તાજેતરની તપાસ સામે આવી છે. હવે, આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાનો એક જૂનો વીડિયો સામે આવ્યો છે, જેમાં તેઓ દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, ભારત રત્ન, કુમારને એનાયત કરવાની હિમાયત કરી રહ્યા છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ ભાજપ સામે ચૂંટણી હારી ગઈ હતી. આ હાર પાછળનું એક કારણ મતદાર યાદીના ખાસ સઘન પુનરાવર્તન (એસઆઈઆર) માં લાખો મતદારોના નામ કમી થવાનું જણાવવામાં આવ્યું હતું. સરમાનો આ વીડિયો આસામના વરિષ્ઠ કોંગ્રેસ નેતા દેબબ્રત સૌકિયા દ્વારા પોસ્ટ કરવામાં

...અનુસંધાન પાના 15 પર

## ‘અલ નીનો’ની શિયાળુ પાકની સીઝન પર અસર પડશે

**દેશમાં** અનાજના ઉત્પાદનને અસર થવાની ખેતીવાડી સચિવની ચેતવણી

**વરસાદ** આધારિત વિસ્તારોમાં ઘઉં, રાઈ અને કઠોળના વાવેતર સામે મોટો પડકાર

**સરકારે** રાજ્યોને ખેડૂતોની આવક વધારવા રણનીતિ બદલવા આહ્વાન કર્યું

**નવી દિલ્હી, તા. 28 (PTI):** અલ નીનો હવામાન પેટર્નને કારણે વરસાદ પર આધારિત વિસ્તારો માટે આગામી શિયાળુ પાકની (રવિ પાકની) સીઝન પડકારજનક બની શકે છે અને તેનાથી અનાજ ઉત્પાદન પર અસર પડી શકે છે, એમ ખેતીવાડી સચિવ અતિશ ચંદ્રાએ સોમવારે જણાવ્યું હતું.

રવિ સીઝનની પૂર્વતૈયારીઓ અંગે યોજાયેલી બે દિવસીય રાષ્ટ્રીય પરિષદને સંબોધતા તેમણે ઉમેર્યું કે ચોમાસુ (ખરીફ) સીઝન પણ ખાસ કરીને વરસાદ આધારિત વિસ્તારો માટે ખૂબ જ મુશ્કેલ રહી હતી, જ્યાં ઘણા રાજ્યોએ શરૂઆતમાં વાવણી ક્ષેત્રફળ હાંસલ કરવા અને બાદમાં પાકને જીવંત રાખવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. ઓક્ટોબર મહિનાથી ઘઉં અને રાઈ જેવા શિયાળુ પાકોની વાવણી શરૂ થતી હોય છે.

તેમણે જણાવ્યું, ખરીફ (ઉનાળુ/ચોમાસુ) પાક પર અલ નીનોની એકંદર અસર મર્યાદિત રહી છે, જોકે કેટલાક વરસાદ આધારિત વિસ્તારોને તેની અસર પહોંચી હતી. પરંતુ ઓક્ટોબરથી શરૂ થતી આગામી શિયાળુ સીઝનમાં તેની અસર વધુ સ્પષ્ટ રીતે જોવા મળી શકે છે.

ખેતીવાડી સચિવે કહ્યું કે, આપણે વિચારતા હતા કે આબોહવા પરિવર્તનનો સામનો આપણે ભવિષ્યમાં કરવો પડશે, પરંતુ આ ફેરફારો હવે ખૂબ ઝડપથી સામે આવી રહ્યા છે.

તેમણે જણાવ્યું કે કેટલાક રાજ્યોમાં જમીનમાં વધુ પડતા ભેજની સમસ્યા થઈ શકે છે, જ્યારે ઓછા વરસાદવાળા વિસ્તારોમાં લાંબા સમય સુધી પાક પર સુકારાનું દબાણ રહેશે. આથી પરિસ્થિતિ મુજબ રવિ સીઝન માટેની રણનીતિ બદલવી પડશે. દેશમાં દર વર્ષે શિયાળુ પાકનું સામાન્ય રીતે આશરે 638 લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થાય છે, જેમાં ઘઉં 300 લાખ હેક્ટરથી વધુ, કઠોળ 140 લાખ હેક્ટર, તેલીબિયાં 87 લાખ હેક્ટર અને બરછટ અનાજ 55 લાખ હેક્ટરમાં વવાય છે. ભારત અનાજમાં આત્મનિર્ભર છે પરંતુ કઠોળ, તેલીબિયાં અને ફળોની હજુ

...અનુસંધાન પાના 15 પર

## દિલ્હીમાં સત્તા ગુમાવ્યા બાદ AAPના દાનમાં 68%નો મોટો કડાકો

**નાણાકીય** વર્ષમાં મળ્યા માત્ર Rs 12.10 કરોડ

**ભાજપમાં** જોડાયેલા પૂર્વ સાંસદની કંપનીએ પણ આપ્યો હતો રૂ. 5 કરોડનો ચેક

**કેજરીવાલે** 30 હજાર તો આતિશીએ 42 હજારનો ફાળો આપ્યો

**ઓડિશામાં** બીજેડીને 20 હજારથી વધુનું એકપણ દાન ન મળ્યું

**નવી દિલ્હી, તા. 28 (PTI):** આમ આદમી પાર્ટી (આપ)એ નાણાકીય વર્ષ 2025-26 માટે પોતાની મળેલ નાણાકીય સહાય/દાનમાં 68 ટકાનો મોટો ઘટાડો નોંધાવ્યો છે. પક્ષ દ્વારા ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરાયેલા યોગદાન અહેવાલ મુજબ, આ વર્ષે પાર્ટીને રૂ. 12.10 કરોડનું દાન મળ્યું છે, જે અગાઉના વર્ષના રૂ. 38.10 કરોડ કરતા નોંધપાત્ર રીતે ઓછું છે.

આ કુલ રકમના લગભગ 83 ટકા જેટલો હિસ્સો માત્ર બે દાતાઓ–’પ્રુડન્ટ ઈલેક્ટોરલ ટ્રસ્ટ’ અને ‘ટ્રાઈડેન્ટ લિમિટેડ’ પાસેથી આવ્યો છે. આ બંનેમાંથી પ્રત્યેકે રૂ. 5-5 કરોડનું દાન આપ્યું છે. ટ્રાઈડેન્ટ લિમિટેડના સ્થાપક અને પૂર્વ સાંસદ રાજેન્દ્ર ગુપ્તા ઓક્ટોબર 2025માં આપ તરફથી રાજ્યસભામાં ચૂંટાયા હતા અને જાન્યુઆરી 2026માં આ ચેક આપ્યો હતો; જોકે, તેઓ આ વર્ષના એપ્રિલ મહિનામાં ભાજપમાં જોડાયા હતા. આ ઉપરાંત, કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સહ-કન્વીનર આશુતોષ રાંકાએ રૂ. 21,100નો ફાળો આપ્યો હતો, રાંકા પહેલાં આપના પ્રવક્તા હતા.

અહેવાલ અનુસાર, આમ આદમી પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલે રૂ. 10,000ના ત્રણ ચૂકવણાં દ્વારા રૂ. 30,000 દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી

## ભારતમાં ૫ કરોડ બાળકો હજી પણ શાળાઓમાં શૌચાલયથી વંચિત

**WHO-UNICEFનો** અહેવાલ જણાવે છે કે શાળાઓમાં શૌચાલયો અને સ્વચ્છતાની સગવડો ન ધરાવતા વિશ્વના કુલ બાળકોમાંથી ૨૦ ટકા બાળકો તો ફક્ત ભારતમાં જ છે



**નવી દિલ્હી, તા. 28 (PTI):** WHO-UNICEF જોઈન્ટ મોનિટરિંગ પ્રોગ્રામ(JMP)ના રિપોર્ટ અનુસાર, શાળામાં શૌચાલય અને સ્વચ્છતાની સુવિધા ન ધરાવતા વિશ્વના કુલ બાળકોમાંથી લગભગ પાંચમા ભાગના બાળકો ભારતમાં છે, જેમની સંખ્યા વિશ્વના કોઈપણ દેશ કરતાં સૌથી વધુ છે.

પ્રોગ્રેસ ઓન ડ્રિન્કિંગ વોટર, સેનિટેશન એન્ડ હાઈજીન ઈન સ્કૂલ્સ 2015-2025 શીર્ષક ધરાવતા રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, વર્ષ 2025માં વિશ્વમાં શાળામાં શૌચાલય સેવાઓથી વંચિત રહેલા કુલ 24.4 કરોડ બાળકોમાંથી 5 કરોડ બાળકો એકલા ભારતમાં છે. રિપોર્ટમાં એ પણ ઉમેરવામાં આવ્યું છે કે સમીક્ષા હેઠળના સમયગાળા દરમિયાન ભારતમાં સ્વચ્છતા સેવાઓ ન હોય તેવી શાળાઓની સંખ્યામાં 14 ટકાનો ઘટાડો નોંધાયો છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(WHO) અને યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (UNICEF)નો સંયુક્ત મોનિટરિંગ પ્રોગ્રામ પીવાના પાણી, શૌચાલય અને સ્વચ્છતા પર પ્રગતિના આંતરરાષ્ટ્રીય સ્તરે

...અનુસંધાન પાના 15 પર

## ટાટા સન્સને લિસ્ટિંગમાંથી બચાવવા ટાટા ટ્રસ્ટ્સનો માસ્ટરપ્લાન

**ટાટા** જૂથની બે કંપનીઓ TESS અને TCEને ટાટા સન્સ સાથે મર્જ કરવાની યોજના રજૂ કરી

aટાટા સન્સ એક ઓપરેટિંગ કંપની બની જશે અને NBFC કે કોર ઇન્વેસ્ટમેન્ટ કંપનીની વ્યાખ્યામાંથી નીકળી જશે

**મુંબઈ, તા. 28 (PTI):** ટાટા ગ્રૂપની હોલ્ડિંગ કંપની ‘ટાટા સન્સ’માં બહુમતી શેરહોલ્ડિંગ ધરાવતા ‘ટાટા ટ્રસ્ટ્સ’ દ્વારા ગ્રૂપના પુનર્ગઠન માટે એક યોજના પ્રસ્તાવિત કરવામાં આવી છે. આ પ્રસ્તાવ હેઠળ ટાટા ગ્રૂપની બે કાર્યરત કંપનીઓને ગ્રુપની હોલ્ડિંગ કંપની સાથે મર્જ કરવામાં આવશે, જેથી ટાટા સન્સનું ‘નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની’(NBFC) તરીકેનું નિયમનકારી વર્ગીકરણ દૂર કરી શકાય અને તેના લીધે કંપનીને શેરબજારમાં લિસ્ટ કરવાની જરૂરિયાતમાંથી મુક્તિ મળી શકે.

સોમવારે જાહેર કરાયેલા આ પ્રસ્તાવમાં ‘ટાટા ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ’(TESS) અને ‘ટાટા કન્સલ્ટિંગ એન્જિનિયર્સ’ (TCE)ને ટાટા સન્સ સાથે મર્જ કરવાની યોજના છે. ટ્રસ્ટ્સે ટાટા સન્સના બોર્ડને આ યોજના પર વિચાર કરવા અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(RBI) પાસેથી આગોતરું ‘નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ’(NOC) મેળવવા વિનંતી કરી છે. પ્રસ્તાવિત માળખા હેઠળ, મુખ્ય હોલ્ડિંગ કંપની હોવાની સાથે-સાથે ટાટા સન્સ ફરી એકવાર સીધી રીતે વ્યવસાય કરતી ઓપરેટિંગ કંપની બની જશે, કારણ કે વિવિધ બિઝનેસ અને તેની આવક સીધી પેરન્ટ કંપની હેઠળ જ આવશે. ટ્રસ્ટ્સે જણાવ્યું હતું કે આ ફેરફારથી એ સુનિશ્ચિત થશે કે પુનર્ગઠિત થયેલી કંપની NBFC કે ‘કોર ઈન્વેસ્ટમેન્ટ કંપની’(CIC)ના નિયમનકારી

...અનુસંધાન પાના 15 પર

### તા. ૨૮-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
| --- | --- | --- |
| | 0.0 મીમી | ૭૭૨ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- | --- |
| | 33.૭ સે. | ૨૫.૪ સે. | ૫૭% |